## જન્મદિને વધામણી



**જ્યોતિન્દ્ર વ્યાસ**
ઉપ પ્રમુખ
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
વેપારી અગ્રણી (પૂજા પાર્લર)
મો. ૯૮૨૫૦ ૧૧૨૨૭



**અંકિત પટેલ**
પ્રમુખ, લેઉવા પટેલ
વિદ્યાર્થી સમિતિ



**નસરીનબાનુ**

## સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨

ડૉ. બી આર આંબેડકર ઍજ્યુકેશન સોસાયટી સંલગ્ન સિદ્ધાર્થ લૉ કૉલેજ, સૅક્ટર-૧૬ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી ગઈકાલે હાથ ધરવામાં આવી હતી.

આ ઉજવણીમાં કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો, જેમની સાથે કૉલેજ સ્ટાફમિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. દિલિપ મેવાડાએ ઍચઆઈવી અને એઈડ્સ અંગેની વિશદ માહિતી, તેનાં ભયસ્થાનો, ઉપાયો, ગેરમાન્યતાઓ અંગેની વિશદ્ સમજૂતી આપી હતી અને આ અંગે વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ આપ્યા હતા.

આગામી રવિવારે ઘૂંઘટ હૉટલ ખાતે

# ગાંધીનગર શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા ત્રિવેણી ઉત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગરની સ્થાપનાના ૧૧ વર્ષ પૂર્ણ થતાં હોઈ સમાજ દ્વારા આગામી તા. ૬ ડિસેમ્બરના રોજ ત્રિવેણી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત જ્ઞાતિજનોનું સ્નેહમિલન, તેજસ્વી તારલાઓનું સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમો એમ ત્રિવિધ ઉત્સવની ઉજવણી કરાશે.

શ્રીમાળી બ્રાહ્મણ સમાજના ગાંધીનગર શહેરમાં વસતા શ્રીમાળી બ્રાહ્મણ પરિવારોના કેજીથી પીજી સુધી અભ્યાસ કરતા તેજસ્વી બાળકોના સન્માન, જ્ઞાતિજનોના સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય ઉજવણી માટે જ્ઞાતિ અગ્રણીઓએ આયોજનબદ્ધ કામગીરીનો આરંભ કરી દીધો છે.

૬ ડિસેમ્બર ને રવિવારના રોજ ગાંધીનગર-માણસા રોડ ઉપર સ્થિત ઘૂંઘટ હૉટલ ખાતે સાંજે પાંચ કલાકે યોજનારા આ કાર્યક્રમ માટે ગાંધીનગર શહેરના જ્ઞાતિ પરિવારોએ પોતાના બાળકોની માર્કશીટ શહેરના સેક્ટરના પ્રતિનિધિઓને અથવા સંગઠન જય ઓઝા (સૅક્ટર-૨૫)ને મોકલી આપવા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે પોતાનું નામ નોંધાવવા પ્રમુખ વિપનભાઈ ઓઝા અને મંત્રી પરેશભાઈ ત્રિવેદી દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થી પ્રતિનિધિ ચૂંટણી માટે

# મતદારયાદી માગવાની ગતિવિધિનો ઍનઍસયુઆઈ દ્વારા વિરોધ

ગાંધીનગર, તા. ૨

વર્ષ ૨૦૧૫-૧૬ વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી માટે આગામી દિવસોમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ કૉલેજીસમાંથી વિદ્યાર્થીઓની મતદાર યાદી મંગાવવામાં આવશે એવી માહિતી નૅશનલ સ્ટુડન્ટ યુનિયન ઑફ ઈન્ડિયાને મળતાં યુનિયન દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટ્રાર સમક્ષ કરવામાં આવેલી આ અંગેની અરજીમાં યુનિયનના અમદાવાદ શહેર એકમના ઉપ પ્રમુખ ઉપેન્દ્ર જાડેજાએ જણાવ્યું છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા બે જિલ્લાઓની વિવિધ કૉલેજીસમાંથી વિદ્યાર્થીઓનાં મતદાર માટેનાં નામ મગાવવામાં આવવાનાં છે, જેનો ઍનઍસયુઆઈ દ્વારા વિરોધ કરવામાં આવે છે. કેમ કે અગાઉ ગુજરાત યુનિવર્સિટીનો વિસ્તાર પાંચ જિલ્લાઓ સુધી વિસ્તરેલો હતો. ચાલુ વર્ષે વિવિધ કૉલેજીસને અન્ય યુનિવર્સિટીઝમાં ભેળવી દેવામાં આવી છે. પરંતુ અલગ કરાયેલી કૉલેજીસનાં વિદ્યાર્થીઓનાં ઍડમિશન ગુજરાત યુનિવર્સિટીએ કર્યાં છે અને તે દરેક વિદ્યાર્થીની ઍનરોલમૅન્ટ પરીક્ષા પણ ગુજરાત યુનિવર્સિટી જ લેવાની છે. આ કારણથી આ દરેક વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રતિનિધિ માટેના મતદાર બનવા હક્કદાર છે.

અગાઉનાં વર્ષોમાં પણ જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાંથી જીટીયુ અલગ થયું હતું ત્યારે પણ તે વર્ષે જીટીયુના વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટીના મતદાર બન્યા હતા અને વિદ્યાર્થીઓએ પ્રતિનિધિત્વ પણ કર્યું હતું, એમ જણાવી આગામી ચૂંટણી માટે ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પ્રતિનિધિની ચૂંટણીમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાર્થીઓને હક્ક મળવો જોઈએ એવી માગણી વ્યક્ત કરવામાં આવી છે.

જો આવા વિદ્યાર્થીઓ જોડે અન્યાય થશે તો એનએસયુઆઈ દ્વારા આગામી દિવસોમાં ઉગ્ર કાર્યક્રમો યોજવામાં આવશે અને જરૂર પડ્યે કાનૂની કાર્યવાહી પણ કરવામાં આવશે એવી ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ગ્રામ વિકાસ અને વ્યવસ્થાપન સંસ્થા દ્વારા રવિવારે ઍવોર્ડ અર્પણ સમારોહ

ગાંધીનગર, તા. ૨

ગ્રામ્ય વિકાસ અને મૅનૅજમૅન્ટ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ દ્વારા આઠમા ઍવોર્ડ અર્પણ સમારોહનું આયોજન આગામી રવિવારે કરવામાં આવ્યું છે.

'શ્રીમતી નંદિની પી દિવેટીયા રૂરલ રિહેબિલિટેશન ઍવોર્ડ ફૉર ડિસેબલ્ડ' અને 'શ્રીમતી નંદિની પી દિવેટીયા રૂરલ રિહેબિલિટેશન ઈન્સ્ટીટ્યુશનલ ઍવોર્ડ' છેલ્લા સાત વર્ષથી અર્પણ કરવામાં આવે છે.

આ વખતે આ ઍવોર્ડ અર્પણ કરવા માટેનો સમારોહ રવિવાર, તા. ૬ ડિસેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે, નંદિની નિલયમ સંસ્કૃતિ સભાગૃહ, રૂરલ મૅનૅજમૅન્ટ ઍન્ડ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. આ સમારોહ અંતર્ગત ઍવોર્ડ પ્રાપ્ત કરનારા મહાનુભાવોમાં બાલુ અબ્નાસાહેબ શેલકે, ગણપતસિંહ પટેલિયા, બંદેનવાઝ બાદશાહ નાદેફ, અમૃત અર્જુન શેલકે, મોહંમદસલીમ એહમદખાન નાગોરી, સુરેશકુમાર આર ડાભી, પુષ્પાબેન જયંતિલાલ પટેલ, હિતેષ ભોજાભાઈ, ઈન્દ્રવદન સોમાભાઈ તડવી, કૌશિકરામ રમેશભાઈ પંચાલ, ભૂપત એમ ગુર્જર, ભાવેસભાઈ અરવિંદભાઈ રામાનંદી, જમનાબેન કાંતિભાઈ ખરાડી, ઓમકાર ભગવાન શિંદે, પ્રતીક અમરકુમાર દેસાઈ, પારૂલ મનહરભાઈ પરમાર, કોકિલાબેન આર ડામોર, ભાવિકાબેન કે ઠક્કર, જતિનકુમાર જે મકવાણા, વિજયાબેન હસમુખભઆઈ ચાવડા, પ્રિતેશ ગણપતભાઈ પરમાર, પવાર વિલાસ કૈયુ, રાજેન્દ્ર આર સોઢા, મેહુલ સંજય પાટીલ, મનહરભાઈ સોમાભાઈ દરજી અને ભાવિક ભરતભાઈ શાહનો સમાવેશ થાય છે.

# ઍલડીઆરપીના વિદ્યાર્થીઓ દ્વારા એઈડ્સ ડે ઉજવાયો



ઍલડીઆરપી આઈટીઆર કૉલેજના ઍનઍસઍસ યુનિટના વિદ્યાર્થીઓએ 'સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ' સૅક્ટર-૧૯, ગાંધીનગરનાં બાળકો સાથે એઈડ્સ ડેની ઉજવણી હાથ ધરી હતી. કૉલેજના વિદ્યાર્થીઓએ સાંજનો સમય આ વિશિષ્ટ બાળકો સાથે ગાળ્યો હતો અને એમના ચહેરા પર સ્મિત લાવવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૪.૪૫
ધ હંગર ગેમ્સ
૨.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
સવારે ૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
તમાશા
૧૦.૦૦, ૯.૩૦

વર્લ્ડ ડીસેબીલીટી ડે પ્રસંગે

# મુક્તા એટુ સિનેમા અને સાઉન્ડઝ ઓફ સાયલન્સ ફાઉન્ડેશન દ્વારા શારિરિક ખામી ધરાવતા લોકો માટે અનોખા કાર્યક્રમની પહેલ

ગાંધીનગર, તા. ૨

ભારતના અત્યંત પ્રતિષ્ઠીત અને સન્માનનીય ફિલ્મ બોનર્સની મલ્ટીપ્લેક્સ ચેઈન મુક્તા એટુ સિનેમા હાલમાં શ્રેષ્ઠ ઓન સ્ક્રીન અનુભવ પૂરો પાડી રહી છે. મુક્તા એટુ સિનેમા ભારતમાં તેની ૧૨ પ્રોપર્ટીઝ અને ૩૩ સ્ક્રીન્સ દ્વારા તમામ સિનેમા રસિકોને અદ્યતન ટેકનોલોજી અને સિનેમેટિક અનુભવ પૂરો પાડી રહી છે. દર્શકોને ભરપૂર મનોરંજન પૂરૂ પાડવાનો ધ્યેય ધરાવતી આ બ્રાન્ડ કૉર્પોરેટ સામાજીક જવાબદારીના કાર્યક્રમો દ્વારા સમાજને પરત આપવાની ભાવના ધરાવે છે. આ વિચારને આગળ ધપાવીને આ મલ્ટીપ્લેક્સ ચેઈન દ્વારા નફો નહી કરવાના હેતુથી કામ કરતા સાઉન્ડઝ ઓફ સાયલન્સ ફાઉન્ડેશન (એસઓએસ) દ્વારા ૩જી ડિસેમ્બરના રોજ વર્લ્ડ ડિસેબીલીટી ડે મનાવી રહી છે.

આ પહેલના માધ્યમથી મુક્તા એટુ સિનેમાનો ઉદ્દેશ શારિરિક ખામી ધરાવતા (ડિસેબલ્ડ) લોકોને જીવનના આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક જેવાં દરેકદ પાસામાં જોડાવવા માટે જાગૃતિ ફેલાવવાનો છે. આ ઉદ્દેશ આગળ ધપાવવા મુક્તા એટુ સિનેમા એ કંપનીની ફૂડ એન્ડ બેવરેજીસ સર્વિસીસ સાથે સંકલન કરીને આગામી બે માસ માટે સ્પેશ્યલ ફૂડ એન્ડ બેવરેજીસ કોમ્બોની જાહેરાત કરી છે. કોમ્બો દ્વારા થયેલી આવકમાં થી ચોકકસ રકમ ફાળવીને મૂક-બધીર બાળકોના શિક્ષણ માટે વાપરવામાં આવશે.

અમદાવાદ, વડોદરા, કુંડલી, રાજપિપળા, બાંસવાડા, સાંગલી, મુંબઈ, ભોપાલ, વિશાખાપટ્ટનમ, ગુલબર્ગા અને હૈદ્રાબાદ ખાતેની પ્રોપર્ટીઝમાં તા. ૩જી ડિસેમ્બરથી શરૂ કરીને બે માસ સુધી આ સ્પેશ્યલ કોમ્બો ઉપલબ્ધ થશે. સિનેમા બ્રાન્ડ દ્વારા કિઓસ્ક મુકીને તેમની પ્રોડકટસ કાઉન્ટર ઉપર વેચશે.

મુક્તા આર્ટસ લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર રાહુલ પુરી જણાવે છે કે 'મુક્તા એટુ સિનેમામાં અમે તમામને માટે મનોરંજનમાં માનીએ છીએ. અને તમામ સિનેચાહકો સિનેમેટિક અનુભવ મેળવે તેવુ ઈચ્છતા હોઈએ છીએ. અમારા દર્શકો અને તેમના પરિવારો અને સમાજને કશુંક પરત કરવાની અમારી ફરજ છે. વર્લ્ડ ડિસેબીલીટી ડે પ્રસંગે એસઓએસ સાથે જોડાતાં અને ટેકનોલોજીની મદદથી સાંભળવાની ખામી ધરાવતાં બાળકોને શિક્ષણની વ્યવસ્થાને સહયોગ આપતાં અમે આનંદ અનુભવીએ છીએ. અમે બે માસ માટે વિશેષ કોમ્બોની ગોઠવણ કરી છે. અમારી આવકની અમુક ટકા રકમ એસઓએસને દાન કરવામાં આવશે. આ કોમ્બો અમારી મોટાભાગની ફ્લેગશિપ પ્રોપર્ટીઝમાં ઉપલબ્ધ બનશે.''

ભૂતકાળમાં મુક્તા એટુ સિનેમા દ્વારા એસઓએસ ફાઉન્ડેશનનાં ૧૦૦ બાળકો માટે ફિલ્મ શમિતાભનું સ્પેશ્યલ સ્ક્રીનીંગ ગોઠવવામાં આવ્યું હતું. અને કંપનીએ ફિલ્મ શમિતાભ માટે તૈયાર કરેલા સ્પેશ્યલ કોમ્બો આહારના વેચાણમાંથી મેળવેલી આવકનો નોંધપાત્ર હિસ્સો સ્વૈચ્છિક સંસ્થાને આપવામાં આવ્યો હતો. મુક્તા એટુ સિનેમા સમાજ માટે આ પ્રકારના કાર્યક્રમો યોજતી રહેશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના

# પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ સિનિયર પત્રકારોને શ્રદ્ધાંજલિ પાઠવી

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગ દ્વારા તાજેતરમાં ઈ-ટીવીના સિનિયર પત્રકાર અતુલ ડાયાણી કે જેઓ સાયન્સ વિષય સાથે સ્નાતક થતા અને પત્રકારત્વમાં વિજ્ઞાનના લેખોથી શરૂઆત કરી. થોડાક જ સમયમાં તેમણે ક્રાઈમ રિપોર્ટર તરીકે સક્રિય રિપોર્ટરની ભૂમિકા શરૂ કરી. ગુજરાત સમાચારથી ઈ-ટીવી સિનિયર રિપોર્ટર તરીકેની ભૂમિકા અદા કરી. કચ્છમાં ચૂંટણી રિપોર્ટીંગ કરીને અમદાવાદ પરત આવતાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમ્યાવો હતા. જયારે સિનિયર ફોટો જર્નાલિસ્ટ જી.એચ. માસ્ટર ૬૮ વર્ષની વયે નિધન થયું છે. ૫૦ વર્ષ સુધી ફોટોજર્નાલિસ્ટ તરીકે કામગીરી હતી. તેમણે જાપાનમાં યોજાયેલી નિકોન ફોટો ઈન્ટરનેશનલ સ્પર્ધામાં વિશ્વમાં બીજા ક્રમે અને એશિયામાં પ્રથમ ક્રમ મેળવી સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ ઉપરાંત દેશ-વિદેશમાં ડઝનબંધ એવોર્ડ અને સન્માન મેળવ્યા હતા. ગુજરાત સમાચાર અને દિવ્યભાસ્કર વર્ષો સુધી ફોટો જર્નાલિસ્ટ તરીકે તેમના ફોટોગ્રાફ, ફોટોસ્ટોરીઓએ ખુબ જ લોકચાહના મેળવી છે.

બે દિવસમાં બે સિનિયર પત્રકારોનું અકાળે અવસાન થતાં ઘેરા શોક છવાયો છે. પત્રકારત્વક્ષેત્રમાં આપેલ તેમનું યોગદાનને યાદ કરી તેમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અપી હતી.

સ્વ. અતુલભાઈ ડાયાણી અને સ્વ. જી.એચ. માસ્ટરે આપેલ યોગદાન વિશે માહિતી વિભાગમાં નાયબ નિયામક અને પત્રકારત્વ વિભાગના મુલાકાતી વ્યાખ્યા હિરેનભાઈ ભટ્ટ અને પત્રકારત્વ વિભાગના ફેકલ્ટી મિતેશ મોદીએ પત્રકારત્વમાં આપેલ તેમના યોગદાન વિશે વિદ્યાથીઓને માહિતી આપી હતી.

# સિનેમા અને શિક્ષણ : વિચારી જુઓ

**ભારતીય સિનેમા ઉદ્યોગ બહુ મોટો છે, એને ઉદ્યોગ પૂરતો જ સીમિત રાખવો છે કે જ્ઞાન અને શિક્ષણના માધ્યમ તરીકે એનો વિકાસ કરવો છે ? વિકાસ કરવાનો સમય આવી ગયો છે, એટલે જ અદૂર ગોપાલકૃષ્ણન જેવા એની જોરશોરથી હિમાયત કરી રહ્યા છે**




આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત જાણીતા ફિલ્મી દિગ્દર્શક અદૂર ગોપાલકૃષ્ણન હમણાં અમદાવાદ યુનિવર્સિટીના પદવીદાન સારંભમાં વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પદવીદાન સમારંભ વખતે એમણે જે એક ખાસ વાત કરી હતી તે એ કે ફિલ્મ નિર્માણ પ્રક્રિયાનો અભ્યાસક્રમ હવે યુનિવર્સિટીઝમાં શરૂ થવો જોઈએ. દેશમાં ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયા, પુના (ઍફટીઆઈઆઈ) સેવાય કોઈ અન્ય રાષ્ટ્રીય સ્તરની સંસ્થા નથી કે જ્યાં સિનેમાનું સૌન્દર્ય શીખવા મળતું હોય. ઍફટીઆઈઆઈ પણ હાલ તો ગજેન્દ્ર ચૌહાણને કારણે વિવાદમાં છે. (ઍફટીઆઈઆઈના ચૅરમૅન તરીકે પણ અદૂર ગોપાલક્રિષ્નનું નામ હતું, એમની પસંદગી ન થઈ, એને વિંડબના જ ગણવી રહી !)

મુદ્દો સિનેમાના શિક્ષણનો છે. આપણે સિનેમાને હજી ગંભીરતાથી લેતા થયા નથી. એને મનોરંજનના એક સાધન તરીકે જ જોવામાં આવે છે. રાહી માસૂમ રઝાએ સાહિત્ય અને સિનેમાના સંદર્ભમાં અનેક વ્યાખ્યાનો આપ્યાં છે અને એમના એ વિશેના પુસ્તકમાં પણ એમણે સિનેમાના શિક્ષણની હિમાયત કરી છે. જયપ્રકાશ ચોક્સે કે લલિત જોશી જેવા પોતાનાં લેખો અને પુસ્તકો દ્વારા પણ સિનેમાના શિક્ષણની જોરશોરથી જિકર કરી રહ્યા છે, છતાં સ્થિતિ વિપરીત છે. દેશમાં સિનેમાનું શિક્ષણ ભાગ્યે જ કોઈ યુનિવર્સિટી આપે છે. હા, કોઈ યુનિવર્સિટીમાં એકાદ પેપર તરીકે એનો અભ્યાસ થતો હશે પણ સિનેમાના શિક્ષણમાં સ્નાતકની પદવી મળતી હોય એવું હજી બહુ ધ્યાનમાં આવ્યું નથી. સાહિત્ય અને સિનેમા કે સમાજ અને સિનેમા કે ઈતિહાસ અને સિનેમા કે પછી ભારતીય સિનેમાનો ઈતિહાસ આ બધા જ રસપ્રદ મુદ્દાઓનો સિનેમાના અભ્યાસ અંતર્ગત સમાવેશ થઈ શકે એમ છે. હા, સાથે-સાથે આ માધ્યમ સાથે સંકળાયેલી ટૅકનીકલ બાબતોનું જ્ઞાન પણ જરૂરી છે.

સિનેમા અનેક પાસાઓનો સમન્વય કરે છે. એ કળાનું એક ઉત્તમ માધ્યમ છે, સાથે-સાથે સામાજિક પ્રભાવની દષ્ટિએ પણ એ માધ્યમનો વિચાર કરવા જેવો છે. સિનેમાના શિક્ષણનો મુદ્દો પણ મહત્ત્વનો છે. ભારતીય સમાજને સમજવા માટે જેમ સાહિત્યકૃતિઓ મદદરૂપ બને છે તેમ સિનેમાકૃતિઓ પણ મદદરૂપ બને છે. કડવી વાસ્તવિકતા એ છે કે આપણે સિનેમાને હજી પણ ગંભીરતાથી લીધું નથી. એ ટાઈમપાસ કે મનોરંજનથી આગળ વધ્યું નથી. ભારતીય સાહિત્યની ઉત્તમ કૃતિઓ કે વિદેશી સાહિત્યની પણ ઉત્તમ કૃતિઓ સિનેમા દ્વારા જનમાનસ સુધી વ્યાપક સ્તરે પહોંચી છે. રામાયણ અને મહાભારત એનાં મોટાં દષ્ટાંત છે. પરંતુ એ સિવાય પણ ઉત્તમ કૃતિઓ સિનેમા દ્વારા આપણા સુધી પહોંચી છે.

સિનેમાના માધ્યમની હવે ઉપેક્ષા શક્ય નથી. આજે વિશ્વ સમસ્તમાં આ માધ્યમથી ઘણી મોટી ક્રાંતિઓ થઈ રહી છે, ત્યારે આપણે માત્ર મનોરંજનના સાધન તરીકે જ એને મુલવીએ એમાં આપણું પછાતપણું જ પ્રગટ થાય છે. સિનેમાનું જ્ઞાન આજે જરૂરી છે. એની ટૅકનીકલ બાબતો જાણવી જરૂરી છે. જે તે સ્વરૂપને જાણ્યા વગર એના ઉપયોગ વિશે તો વિચારી જ કઈ રીતે શકાય ? સિનેમાના માધ્યમની ખૂબીઓ, એ માધ્યમ સાથે સંકળાયેલી સંભાવનાઓ, એ માધ્યમમાં રહેલું ઊંડાણ જાણ્યા વગર એ માધ્યમનો યોગ્ય ઉપયોગ કઈ રીતે કરી શકાય ? સિનેમાના માધ્યમની ખૂબીઓ, એ માધ્યમ સાથે સંકળાયેલી સંભાવનાઓ, એ માધ્યમમાં રહેલું ઊંડાણ જાણ્યા વગર એ માધ્યમનો યોગ્ય ઉપયોગ કઈ રીતે કરી શકાય ? ભારતીય સિનેમા ઉદ્યોગ બહુ મોટો છે. હવે એને ઉદ્યોગ પૂરતું જ સીમિત રાખવું છે કે જ્ઞાન અને શિક્ષણના માધ્યમ તરીકે એનો વિકાસ કરવો છે ? વિકાસ કરવાનો સમય આવી ગયો છે, એટલે જ અદૂર ગોપાલકૃષ્ણન જેવા એની જોરશોરથી હિમાયત કરી રહ્યા છે.



# સંચાર, માહિતી અને ટૅકનોલૉજીના વૈશ્વિક ઈન્ડેક્સમાં ભારત ૧૩૧મા ક્રમે

ગાંધીનગર, તા. ૨

માહિતી અને કમ્યુનિકેશન ટેકનોલોજીના વૈશ્વિક ઈન્ડેક્સમાં ૧૬૭ દેશોમાં ભારત ૧૩૧મા સ્થાને છે જ્યારે દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ઘરો-પરિવારોમાં ઈન્ટરનેટ અને કમ્પ્યુટરનો વપરાશ વધ્યો છે.

સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય દૂરસંચાર યુનિયનના મુખ્ય વાર્ષિક રિપોર્ટમાં જણાવાયું છે કે વૈશ્વિક વસતીના ૪૩.૪ ટકા લોકો સંચાર પ્રણાલીનો ઉપયોગ કરે છે જ્યારે મોબાઈલ સેલ્યુલરના ગ્રાહકો ૭.૧ અબજ ડોલર કે વિશ્વની વસતીના ૯૫ ટકા સુધી પહોંચી ગયા છે.

આ યાદીમાં દેશોમાં ૨૦૧૦થી ૨૦૧૫ સુધી સ્થિતિ સુધરી છે. જેનો અર્થ એ છે કે વિશ્વભરમાં માહિતી અને કમ્યુનિકેશન ટેકનોલોજી વધુ સુલભ બની છે તથા કૌશલ્યમાં સુધારો થયો છે. ભારતમાં ઘરમાં કમ્પ્યુટર હોય એવી સ્થિતિ ૨૦૧૪માં ૧૩ ટકા જેટલી હતી જે વર્ષ ૨૦૧૦ના મુકાબલે બમણી સંખ્યા છે. જ્યારે ઘરોમાં ઈન્ટરનેટ એક્સેસની ટકાવારી જોઈએ તો તે ૨૦૧૦ના ૪.૨ ટકાની તુલનામાં વધીને ૧૫.૩૩ ટકા એટલે કે ત્રણ ગણી વધી છે. આ ઉપરાંત વ્યકિતગત રીતે ઈન્ટરનેટના વપરાશ કરીએ તો તેની ટકાવારી ૨૦૧૪માં ૧૮ ટકા થઈ છે જે ૨૦૧૦માં માત્ર ૭.૫ ટકા જ હતી.

આઈડીઆઈ રેન્કિંગમાં સામેલ અન્ય દેશોની સ્થિતિ વૈશ્વિક ઈન્ડેક્સમાં ઓછા જોડાયેલા દેશોમાં સામેલ દસ દેશોમાં ભારત પણ સામેલ છે. ભારત ઉપરાંત આ યાદીમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.